Extra No. 358

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **TUESDAY, OCTOBER 7, 2025 / ASVINA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/SOU/નો ડ્રોન ઝોન/૨૭૩૭/૨૦૨૫, તા. ૦૫/૧૦/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૧૯૧૭ થી ૧૧૯૫૨/૨૦૨૫-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર વિસ્તારમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, એરોડ્રામ જેવા વાઈટલ ઈન્સ્ટોલેશન સહિત અન્ય વિશ્વ પ્રખ્યાત ટુરીસ્ટ સ્પોટ આવેલ હોય તથા ગુરૂકુલ હેલીપેડ અને નર્મદા ઘાટ ખાતે મહાનુભાવશ્રીઓની મુવમેન્ટ થતી હોય, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારની સુરક્ષા સુનિશ્ચિત કરવા સારૂ સદરહુ વિસ્તારને તથા ગુરૂકુલ હેલીપેડ અને નર્મદા ઘાટ વિસ્તારને "NO DRONE ZONE" વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ "NO DRONE ZONE" વિસ્તાર જાહેર કરવો આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉંધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે આવેલ નીચે મુજબના વિસ્તારોને "NO DRONE ZONE" જાહેર કરી, સદરહુ વિસ્તારમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન (DRONE) ચલાવવાની/ઓપરેટ કરવાની મનાઈ ફરમાવું છું.

અ.નં.	વિસ્તારનું નામ
(૧)	નર્મદા માતાજીની મૂર્તિ - ન્યુ ગોરા બ્રીજ - મોખડી ડેમ સાઈટ - CHPH/RBPH તેમજ ડાઇક નં.૧ એરોડ્રામથી ડાઇક નં.૪, ટેન્ટ સીટીથી ભુમલીયા ઝીરો પોઈન્ટથી નર્મદા માતાજીની મૂર્તિ સુધીનો સમગ્ર વિસ્તાર.
(૨)	ગુરૂકુલ હેલીપેડ વિસ્તાર.
(૩)	નર્મદા ઘાટ વિસ્તાર

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૫

સી.કે.ઉઘાડ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:50:08 IST